# નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી પાલનપુર

જોરાવર પેલેસ કમ્પાઉન્ડ, પાલનપુર, જિ.બનાસકાંઠા પીન નં.૩૮૫૦૦૧

ફોન નં.૦૨૭૪૨-૨૫૭૩૩૫ E-mail :- Po-ban@gujarat.gov.in


નં.એમએજી/અશાંતધારો/પરવાનગી/એસ.આર.નં.૧૧૩૪ થી ૧૧૩૭/૨૬ તા.૨૩/૦૭/૨૦૨૬

**વિષય** :-ગુજરાત અશાંત વિસ્તાર મિલ્કત તબદિલ અધિનિયમ-૧૯૯૧ હેઠળપૂર્વ મંજુરી આપવા બાબત

**વંચાણે લીધા :-**

(૧) અરજદારશ્રીઓની તા.૨૨/૦૭/૨૦૨૬ ની અરજી

(૨)ગુજરાત અશાંત વિસ્તાર સ્થાવર મિલકત તબદીલી અધિનિયમ -૧૯૯૧ તથા સુધારા અધિનિયમ - ૨૦૦૯.

(3)સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના NOTIFICATION NO: GHM /2023/ M/ 254/ RD/ DAA/ e-file/ 15/2023/ 13592/ H.1 (Stamps), તા.૨૧/૧૦/૨૦૨૩ તથા NOTIFICATION NO: GHM/ 2025/ M/ 19/ RD/ DAA/ efile/ 15/ 2023/ 13592/ H.1 (Stamps), તા.૧૦/03/૨૦૨૫

(૪) સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના NOTIFICATION NO: GHM/ 2023/ M/ 255/ RD/ DAA/ e-file/ 15/ 2023/ 13592/ H.1 (Stamps), તા.૨૧/૧૦/૨૦૨૩ તથા NOTIFICATION NO: GHM/ 2025/ M/ 20/ RD/ DAA/ efile/ 15/ 2023/ 13592/ H.1 (Stamps), તા.૧૦/03/૨૦૨૫

**હુકમ:-**

વંચાણે લીધા-૧ ની અરજીથી અરજદારશ્રીઓએ વંચાણે લીધા-૩ ના સરકારશ્રીના નોટીફીકેશનથી જાહેર કરાયેલ અશાંત વિસ્તારમા સમાવિષ્ટ થયેલ સ્થાવર મિલ્કત નીચે જણાવેલ તબદીલીથી લેનારને તબદીલ કરવા માટે અશાંતધારાની કલમ-૫(૧) નીચે અત્રેની પૂર્વ મંજુરી માંગેલ છે.

સબબ, આમુખ-૪થી અત્રેને મળેલ અધિકારોની રૂએ અશાંત વિસ્તરમા સમાવિષ્ટ થયેલ નીચે જણાવેલ સ્થાવર મિલ્કત તબદીલ કરવા માટે આ અધિનિયમની જોગવાઇઓના હેતુ પુરતી નીચેની શરતોને આધિન પૂર્વ મંજુરી આપવા આથી હુકમ કરવામા આવે છે.

| અ.નં | એસ.આર.નં. | આપનારનુ નામ | લેનારનુ નામ | પ્રકાર | તબદીલી થનાર સ્થાવર મિલ્કતનુ વર્ણન | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | શીટ નં | સર્વે નં/ સી.સ.ન | સ્થાવર મિલ્કતનુ વર્ણન |
| ૧ | ૧૧૩૪ | સોમાભાઇ શંકરભાઇ પ્રજાપતિ | નયનાબેન કનૈયાલાલ પ્રજાપતિ | વેચાણ | ૧૧ | ૯૭૧૩ | પ્લોટ નં.૮૦ ક્ષે. ૩૪.૩૭ ચો.મી. |
| ૨ | ૧૧૩૫ | નયનાબેન (નૈના) બાબુભાઇ પટેલ | કલ્પનાબેન રણજીતકુમાર ભાસ્કર | વેચાણ | - | ૩૯૩+૩૯૪/૨ + ૩૯૬+૩૯૭/૨ | પ્લોટ નં.૫૮ પૈકી દક્ષિણ તરફનુ મકાન ક્ષે. ૬૨.૭૦૭૫ ચો.મી. |
| ૩ | ૧૧૩૬ | જય ડેવલોપર્સના ભાગીદાર મહાસુખભાઇ વૈકુંઠલાલ પુજારા | જીગરકુમાર શામળભાઇ અઢવાણ | વેચાણ | NA99 | RV1/NA ૫૩૧+૫૩૨/૧-બ તથા ૫૩૧+૫૩૨/૨ પૈકી ૨/૧/A/04/403/57 | એસ-૯ લેન્ડમાર્ક ફોર્થ.ફ.ઓ.નં.૪૦૩ ક્ષે.૫૦.૪૮ ચો.મી. |
| ૪ | ૧૧૩૭ | પ્રવિણાબેન નટવરલાલ જોષી વિ. | ગોવિંદભાઇ લીલારામ લુહાણા | વેચાણ | ૫૩ | ૯૨૯૩ | પ્લોટ નં.૮૯ પૈકી દક્ષિણ તરફ ક્ષે. ૪૮.૭૭ ચો.મી. |

**<u>શરતો :-</u>**

(૧) અશાંતધારાની જોગવાઈ અનુસાર અત્રેથી ફક્ત તબદીલી આપનાર તથા લેનારની મુક્ત સંમતિની ચકાસણી કરેલ છે. આ મંજુરીથી સ્થાવર મિલકતના ટાઈટલ કે અન્ય કોઈપણ પ્રકારના હક્કો મળતા નથી.

(૨) આ મંજુરી ફક્ત ગુજરાત અશાંત વિસ્તારમાં તબદીલ અધિનિયમ - ૧૯૯૧ અન્વયે તબદીલી આપનાર તથા લેનારની સંમતિ અન્વયે આપવામાં આવે છે.

(3) અરજદારે અન્ય પ્રવર્તમાન કાયદાઓ અન્વયે લેવાની થતી મંજુરીઓ અલગથી લેવાની રહેશે.

(૪) સદર મિલકત અંગે સ્ટેમ્પ ડયુટી વસુલાત અંગે સબંધિત સક્ષમ અધિકારીશ્રીએ નિયમોનુસાર સ્ટેમ્પ ડયુટી વસુલ લેવાની રહેશે.

(૫) સદરહું મિલકત અંગે ન્યાયની કોઈ પણ કોર્ટમાં કેસ ચાલતા હોવા અંગેની ભાડુઆતોના હક્કો અંગેની હકીકત છુપાવેલી હશે તો મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૬) આ હુકમથી કોઈ સરકારી / સરકારનું હિત ધરાવતી મિલકતની તબદીલી થયેલ હશે તો આ હુકમ આપોઆપ રદ થશે.

(૭) આ હુકમ આર.ટી.એસ./ સી.ટી.એસ. કેસોમાં પુરાવા તરીકે માન્ય ગણાશે નહીં.

Signature Not Verified
Signed by : BHARAI DIPAL AMRABHAI
Deputy Collector
Palanpur Prant Office
Date : 2026.07.23 13:23:15 IST

(૮) ભાડુઆત વાળી મિલકત તબદીલી થયેલ હોવાનું જણાશે તો સદર પરવાનગી આપોઆપ રદબાતલ ગણાશે.

(૯) પ્રવર્તમાન જંત્રીથી ઓછી કિંમતનો દસ્તાવેજ થઈ શકશે નહીં.

(૧૦) શેર સર્ટીફીકેટ/ એલોટમેન્ટ લેટરથી તબદીલ થયેલ/ થતી મિલકત પર સરકારશ્રીના પ્રવર્તમાન પરિપત્ર મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલ લેવાની રહેશે.

(૧૧) સદરહુ મંજૂરી ૯૦ દિવસ સુધી અમલમાં રહેશે.

(ડો.ડી.એ.ભારાઇ)
સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ
પાલનપુર

નકલ રવાના :-
(૧) સબ રજીસ્ટ્રારશ્રી પાલનપુર તરફ
(૨) એન આઈ સી તરફવેબસાઈટ પર હુકમ અપલોડ કરવા સારૂ
(3) સિલેકટ ફાઈલે
(૪) તબદીલી આપનાર/લેનાર તરફ

Signature Not Verified
Signed by : BHARAI DIPAL AMRABHAI
Deputy Collector
Palanpur Prant Office
Date : 2026.07.23 13:23:15 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign